ગાંધીનગર સમાચાર

**ગાંધીનગર તાપમાન**
મહત્તમ : ૩૫.૦ ડીગ્રી
લઘુતમ : ૧૭.૦ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૫૮ ટકા

# શહેરમાં ૧૨મીએ રાજપૂત સમાજનું સંમેલન

## સે-૧૧ રામકથા મેદાનમાં ઐતિહાસિક ફિલ્મ પદમાવતી સામે વિરોધ દર્શાવવા સંમેલનનું આયોજન

ગાંધીનગર, તા.૪

આગામી મહિને સંજય લીલા ભણશાલી દ્વારા કરોડો રૂપિયાના ખર્ચે બનાવેલી ઐતિહાસિક ફિલ્મ પદમાવતી સમગ્ર ભારતમાં રિલિઝ થવાની છે ત્યારે આ ફિલ્મમાં જે ઐતિહાસિક છેડખાની કરવામાં આવી છે તેનો ઠેર ઠેર રાજપૂત સમાજ દ્વારા વિરોધ કરવામાં આવી રહ્યો છે અને સ્વાભિમાનની સુરક્ષા માટે ગાંધીનગરના સે-૧૧માં આવેલ રામકથા મેદાનમાં આગામી તા. ૧૨મીના રોજ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી હજ્જારોની સંખ્યામા રાજપૂત સમાજના ભાઈ-બહેનો ઉપસ્થિત રહેશે.

બોલીવુડના પ્રખ્યાત ડાયરેકટર સંજય લીલા ભણશાલી દ્વારા ઐતિહાસિક ફિલ્મ પદમાવતી બનાવવામાં આવી છે. આ ફિલ્મમાં ઐતિહાસિક પાત્રોને છેડખાની કરીને દર્શાવવામાં આવ્યા છે જેની સામે રાજસ્થાની કરણીસેનાઓ વિરોધ પ્રગટ કર્યો છે. અને કરણીસેનાના આગેવાન લોકેન્દ્રસિંહે જણાવ્યું હતું કે અગાઉ પણ ફિલ્મના ડાયરેકટરને રજુઆત કરવામાં આવી હતી કે વાંધાજનક દશ્યને દુર કરવામાં આવે અને આ ફિલ્મને ઐતિહાસિક રીતે રજુ કરવામાં આવે તો લોકોની લાગણીઓ સાથે પણ ચેડા થઈ શકશે નહીં. છતાં પણ ડાયરેકટર દ્વારા પદમાવતી ફિલ્મમાં જે વાંધાજનક દશ્યો દર્શાવવામાં આવ્યા છે તેનો પણ સેનાઓ વિરોધ કર્યો છે ત્યારે સ્વાભિમાનની સુરક્ષા માટે ગાંધીનગરમાં આગામી તા. ૧૨ નવેમ્બરના રોજ રામકથા મેદાન ખાતે મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું છે. ઈતિહાસ ઉપર બનતી ફિલ્મ માટે પ્રિ-સન્સર બોર્ડ બનાવવામાં આવે તો અવાર નવાર બોલીવુડમાં બનતી ઐતિહાસિક ફિલ્મોમાં દર્શાવવામાં આવતા દશ્યો સામે પણ પેનલની નજર રહે અને તે અંગે યોગ્ય નિર્ણય પણ લઈ શકાય તો બીજી તરફ સિનેમા હોલમાં પણ ઐતિહાસિક ફિલ્મ દર્શાવવા અંગે યોગ્ય પગલા લેવામાં આવે તો અવાર નવાર વિવિધ સમાજોની લાગણીઓ સાથે જે ચેડાં થઈ રહ્યા છે તેનું પણ નિરાકરણ આવી શકે તેમ છે. આ સંમેલનમાં સમગ્ર ગુજરાતમાંથી રાજપૂત સમાજના લોકો મોટી સંખ્યામાં હાજર રહેશે અને સ્વાભિમાનની સુરક્ષાની સાથે સાથે રાજનિતીમાં પણ યોગ્ય પ્રતિનિધિત્વ મળી શકે તે માટેનો હુંકાર પણ કરવામાં આવશે.

# મહેન્દ્રકાકા સોડાવાળાએ ૫૦૦૦ સોડાનું નિઃશુલ્ક વિતરણ કર્યું

## ઘ-૨ ખાતે સવારે ૧૧ થી ૮ દરમિયાન નાગરિકોને ફ્રી સોડા પીવડાવી

ગાંધીનગર, તા.૪

દેવ દિવાળી નિમિતે ઘ-૨ કોર્નર પર સોડાની લારી ચલાવતા મહેન્દ્રકાકા સોડાવાળા તરફથી સવારે ૧૧થી ૮ કલાક દરમિયાન અંદાજે ૫૦૦૦ સોડા નગરજનોને ફ્રી પીવડાવી હતી. ત્યારે ઘ-૨ સોડાવાળા કાકાની સોડા પીવા દુરદુરથી પણ નગરજનો આવી પહોચ્યા હતા. બપોરે ઘ-૨ કોર્નર પર સોડા પીવા લાંબી લાઈન લાગી હતી. તો કેટલાક ગ્રાહકોએ તેમની આ સેવાને બિરદાવી પણ હતી. સેકટર-૪ ના રહીશ લગધીર દેસાઈએ મહેન્દ્રકાકાનું ફુલહાર અને સુંદર પાઘડી પહેરાવી સ્વાગત કર્યુ હતું. જયારે રાત્રીના ૮ થી ૧૧ વાગ્યા દરમિયાન થયેલ વેપારના રૂપીયા તેઓ ઈટલા ગામે આવેલ ગોગા મહરાજના મંદિરે દાન પેટે અર્પણ કરે છે.

મહેન્દ્રકાકા મુળ વિરમગામના વતની છે તેઓએ છેલ્લા એક દશકાથી ગાંધીનગરને કર્મભુમિ બનાવી છે. મહેન્દ્રકાકા સરગાસણ વિસ્તારમાં પોતાના પરિવાર સાથે રહે છે અને સાંજે ઘ-૨ કોર્નર પર સોડાની



રેકડી ચલાવી પરિવારનું ગુજરાન ચલાવે છે. મહેન્દ્રકાકાની સોડા ટેસ્ટફુલ એકવાર જે પીને જાય છે તે અવશ્ય બીજીવાર પીવા આવે છે. મહેન્દ્રકાકા અવનવી સ્કિમ દ્વારા જાણીતા બન્યા છે, જેમ કે સોડા ન ભાવે તો પૈસા પાછા. પરંતુ આજદિન સુધી એવુ ક્યારે બન્યું નથી કે તેઓને પૈસા પરત આપવા પડ્યા હોય. તેઓની સોડાનો ટેસ્ટ ગાંધીનગરના જાણીતા રાજકીય આગેવાનો, સેવાકીય, સામાજીક અને સ્વૈચ્છીક સંસ્થાઓના હોદેદાર પણ આવી ચુક્યા છે. ત્યારે આજે મહેન્દ્રકાકાની લારીએ સોડા પીવા માટે નાગરીકોની લાઈન લાગી હતી.


# સિવિલની આઈસીયુ ઓન વ્હીલ્સ સિધ્ધપુર મોકલાઈ

ગાંધીનગર, તા.૪

પાટનગરમાં મેડીકલ કોલેજ બનતા આરોગ્યલક્ષી સુવિધામાં વધારો થવા પામ્યો છે. ત્યારે દર્દીઓને મળતી સેવા રોજ બરોજ કથળતી જાય છે. તંત્ર દ્વારા સુવિધામાં સતત વધારો થાય તે માટે પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. ત્યારે સિવિલમાં માંડ ડચકા ખાંઈને દર્દીઓને અમદાવાદ પહોંચાડતી એમ્બ્યુલન્સ માંડ ગણીગાંઠી છે અને ૩ આઈસીયુ ઓન વ્હીલ્સ છે. વીવીઆઈપીઓની ભલામણો હોય છે. દર્દીઓને સમયસર એમ્બ્યુલન્સ સેવા મળતી નથી. ત્યાં સિવિલની એક આઈસીયુ ઓન વ્હીલ્સ તા.૩ થી ૮ નવેમ્બર સુધી સિધ્ધપુર ખાતે સરસ્વતી નદીના કિનારે યોજાયેલ મેળા માટે મોકલી અપાઈ છે. ત્યારે સિવિલના દર્દીઓને એમ્બ્યુલન્સ કે આઈસીયુ ઓન વ્હીલ્સ માટે રાહ જોવી પડે તો નવાઈ નહી.જેને પગલે દર્દીઓ તેમજ મુલાકાતીઓમાં રોષ જોવા મળી રહ્યો છે.

ગાંધીનગર સિવિલમાં એક સાંધો ત્યાં તેર તુટે તેવો ઘાટ સર્જાય છે.સિવિલમાં પ્રાથમિક આરોગ્યલક્ષી અને ખાસ જરુરીયાતવાળી સુવિધાઓ મળતી નથી. ત્યારે સિવિલમાં એમ્બ્યુલન્સ વાનનો તો ખડકલો જોવા મળશે પરંતુ તેમાથી માંડ ગણીગાંઠી એમ્બ્યુલન્સ વાન ચાલુ હાલતમાં છે. જયારે બાકીની એમ્બ્યુલન્સ ચાલુ હાલતમાં છે તે પણ ગમે ત્યારે માર્ગ વચાળે ખોટકાય તેવી સ્થિતિમાં છે. સિવિલમાં આવેલા ગંભીર ઈજાગ્રસ્ત દર્દીઓને અમદાવાદ રીફર કરાય છે, ત્યારે દર્દીના સગાઓને એમ્બ્યુલન્સ માટે કલાકો સુધી રાહ જોવાનો વારો આવે છે. જેને પગલે અનેકવાર દર્દીના સગા અને તંત્ર વચ્ચે ચકમક પણ ઝરતી હોય છે. તેવી સ્થિતિમાં ગાંધીનગર સિવિલની એમ્બ્યુલન્સ સિદ્ધપુર ખાતે આયોજીત મેળામાં તા.૩ થી ૮ નવેમ્બર સુધી મોકલવામાં આવી છે. વીવીઆઈપીની સેવામાં છાશવારે આઈસીયુ ઓન વ્હીલ્સની જરુર પડે છે. એક બે દિવસ હોય તો તંત્ર દ્વારા સેટીંગ પણ કરી દેવાય છે પરંતુ છ છ દિવસ માટે આઈસીયુ ઓન વ્હીલ્સ ના હોવાથી દર્દીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડે તેમ લાગી રહ્યું છે.

બાળકોમાં શૈક્ષણિક અભ્યાસની સાથે સાથે સ્વાસ્થ્ય અંગે જાગૃતિ આવે તે હેતુથી શાળાકીય શિક્ષણમાં આરોગ્ય વિષયક પ્રવૃત્તિઓ સામેલ કરવામાં આવી છે. આ અંર્તગત સરગાસણ ચાર રસ્તા નજીકની વેદ ઈન્ટરનેશનલ સ્કૂલ ખાતે બાળકોના દાંતની તપાસણીનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમમાં ડેન્ટિસ્ટ ડો. હર્ષિત પટેલે બાળકોના દાંતનું ચેકઅપ કરી જરુરી નિદર્શન આપ્યું હતું.



# દેશી દારૂના અડ્ડાઓ પર એસ.ઓ.જી.ની ટીમો ત્રાટકી

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર એસઓજીની ટીમોએ ચોકકસ બાતમીને આધારે અડાલજ પોલિસ સ્ટેશનની હદ વિસ્તારમાં દેશી દારૂના બે અડ્ડાઓ પર દરોડો પાડી સપાટો બોલાવ્યો હતો.

ગાંધીનગર એસ.ઓ.જી. પી.આઈ. પરેશ સોલંકીની ટીમને ચોકકસ બાતમી મળી હતી કે ઉવારસદ ગામના રાણજીપરા ગામમાં રહેતો બાલાજી વરાજી ઠાકોર દેશી દારૂનો વેપલો કરે છે રાણજીપરા આવ્યા હોવાની બાતમી આધારે દરોડો પાડી એસઓજીએ ૭૦ લીટર દેશી દારૂ સાથે ચાંદખેડાના ગોવિંદ નટવર ઠાકોર, ગોવિંદ મનસુખ ઠાકોર અને શૈલેષ ગોવિંદ ઠાકોરની ધરપકડ કરી લીધી છે તો બીજી તરફ મુખ્ય બુટલેગર બાલાજી ફરાર થઈ જતા તેની શોધખોળ શરુ કરી છે. તે ઉપરાંત



અને ચાંદખેડા વિસ્તારમાં તેના દારૂનો સપ્લાય થાય છે. ચાંદખેડાથી ઈન્ડિકા કાર નં. જીજે ૧૮ એબી ૫૮૬માં કટેલાક શખ્સો બાલાજી ઠાકોર પાસેથી દારૂ લેવા ખોરજ ગામના રવાજી અમાજી ઠાકોરના ઘરે દરોડો પાડી એસઓજીએ દેશી દારુ ગાળવાનો ૪૦૦ લીટર વૉશનો જથ્થો પકડી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## જન્મદિને વધામણી



એમ કે દલસાણિયા
ટ્રસ્ટી, ઈન્ફોસિટી જુનિયર સાયન્સ કોલેજ



પ્રકાશ એચ શાહ
કારોબારી સભ્ય
ગાંધીનગર કલ્ચરલ ફોરમ
મો. : ૯૯૭૮૪ ૦૬૫૩૪



કાન્તિલાલ ટી ત્રિવેદી
મો. ૯૪૨૮૯ ૦૬૬૮૩

# ખેલ મહાકુંભની રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ગાંધીનગરનો ઉત્કૃષ્ઠ દેખાવ

## જુનાગઢ ખાતે યોજાયેલ બૉયઝ કેટેગરીમાં ગાંધીનગર શહેરની ટીમ વિજેતા : ભૂજ ખાતે યોજાયેલ ગર્લ્સ કેટેગરીમાં ગાંધીનગર શહેરની ટીમ રનર્સ અપ





ગાંધીનગર, તા.૪

ખેલ મહાકુંભની રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ગાંધીનગરની ટીમોએ ઉત્કૃષ્ઠ દેખાવ કર્યો છે. ગાંધીનગર સીટી બૉયઝ ટીમ સ્પર્ધામાં વિજેતા બની છે જયારે ગર્લ્સ કેટેગરીમાં ગાંધીનગર શહેરની ટીમ રનર્સ અપ બની છે.

હેન્ડબોલની ઓપન કેટેગરીની બૉયઝ વિભાગની રાજયકક્ષાની સ્પર્ધા તા. ૧લીથી ૩જી નવેમ્બર દરમિયાન જુનાગઢ ખાતે યોજાઈ હતી. આ સ્પર્ધાની ફાઈનલ લીગ રાઉન્ડમાં ગાંધીનગર શહેર ઉપરાંત મહેસાણા, ભાવનગર રૂરલ અને ભાવનગર સીટી ટીમ વચ્ચે મુકાબલો થયો હતો. જેમાં ગાંધીનગર સીટીની બૉયઝ ટીમ ચેમ્પિયન બની હતી. આ સાથે તા. ૧લી થી ૩જી નવેમ્બર દરમિયાન ભૂજ ખાતે યોજાયેલ ઓપન કેટેગરીની ગર્લ્સ વિભાગની રાજયકક્ષાની હેન્ડબોલ સ્પર્ધામાં ભૂજની ટીમ વિજેતા બની હતી જયારે ગાંધીનગર સીટીની ગર્લ્સ ટીમ રનર્સ અપ રહી હતી. રાજયકક્ષાએ ગાંધીનગરના ખેલાડીઓના ઉત્કૃષ્ઠ દેખાવને કારણે શહેરનું નામ રોશન થવા સાથે ખેલરસિકોમાં આનંદની લાગણી ફેલાવા પામી છે.

# સાયકલ રાઈડ સાથે ઐતિહાસિક વારસાને માણસા વિદ્યાર્થીઓ

## પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના એનસીસી યુનિટના વિદ્યાર્થીઓની 'વન ડે સાયકલ રાઈડ ટુ અંબાપુર વાવ'

ગાંધીનગર, તા.૪

આજના યુગમાં શિક્ષણનું સ્વરૂપ બદલાઈ રહ્યું છે. માત્ર પુસ્તકિયા જ્ઞાનને આધારે રહેવાને બદલે હવે વિદ્યાર્થીઓ પણ પ્રેકટિકલ જ્ઞાનને વધુ મહત્વ આપતા થયા છે. વળી, વિવિધ મનોરંજક પ્રવૃત્તિ સાથે શિક્ષણને સાંકળી લેવાનું ચલણ હવે વધતું જાય છે. તાજેતરમાં પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના વિદ્યાર્થીઓએ ઓડિટ કોર્સ ૨૦૧૭-૧૮ અંતર્ગત 'વન ડે સાયકલ રાઈટ ટુ અંબાપુર સ્ટેપવેલ' કાર્યક્રમમાં સાયકલ ચલાવી પિકનિકના આનંદ માણવા સાથે ભવ્ય સાંસ્કૃતિક વારસાનો અભ્યાસ કર્યો હતો.

ગાંધીનગર નજીકમાં અંબાપુર ગામે ૧૫મી સદીમાં રૂડાબાઈ વાઘેલાએ રણજિતસિંહ વાઘેલાની સ્મૃતમાં બંધાવેલ વાવ એક ઐતિહાસિક વિરાસત છે. સુવ્યવસ્થિત બાંધકામ સાથે પાંચ માળની આ વાવ આ વિસ્તારના નાગરિકો માટે વાર તહેવારે કરવામાં આવતી પવિત્ર વિધિઓ માટેનું સ્થળ હતી. આવા ઐતિહાસિક સ્થળની પીડીપીયુની સ્કૂલ ઓફ લિબરલ સ્ટડીઝના એનસીસી યુનિટના ૩૦ વિદ્યાર્થીઓએ સાયકલ પ્રવાસ કરી મુલાકાત લીધી હતી. આ સાથે તેમણે કોબા ગામની પણ મુલાકાત લઈ તેમની વન ડે સાયકલ રાઈડમાં



કુલ ૨૩.૬૭ કિમીનું અંતર કાપ્યું હતું. આ સાયકલ રાઈડનો હેતુ સાંસ્કૃતિક વારસાને જાણવા સાથે સ્વાસ્થ્ય જાગૃતિ માટે સાયકલ ચલાવવા વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરવાનો અને નોન-મોટરાઈઝડ પરિવહન પ્રત્યે લગાવ વધારવાનો હતો. વળી સાયકલનો ઉપયોગ પ્રદૂષણ થતા ટ્રાફિકની સમસ્યા માટે રાહત પહોંચાડનારો છે તેવું જણાવતા આ ટૂરમાં સામેલ વિદ્યાર્થી ખુશાલી ચૌહાણે જણાવ્યું હતું કે 'આ એક અદભૂત અનુભવ હતો, તમારા સ્વાસ્થ્ય સાથે આસપાસના વાતાવરણના મહત્વને સમજવા માટે ઉપયોગી તક મળી હતી.'

સાયકલ રાઈડ માણનારા અન્ય વિદ્યાર્થી કૌશિક પટેલે જણાવ્યું હતું કે 'આ કાર્યક્રમ આશ્ચર્યજનક અને આનંદીત કરનારો હતો. આ પ્રકારની રાઈડ હજુ વધુ લાંબા અંતર માટે યોજવી જોઈએ.' શાંતનું શિવા નામના વિદ્યાર્થીએ જણાવ્યું હતું કે, 'ખુલ્લા રસ્તાઓથી અંબાપુરની ભવ્ય વાવની યાત્રાનું આયોજન સુંદર રીતે કરાયું હતું. આ પ્રકારના આયોજન માટે ઓડિટ કોર્સ અભિનંદનને પાત્ર છે.'

## @ગાંધીનગર

● વિશ્વકર્મા સેવા સમાજ દ્વારા સમાજના તેજસ્વી તારલાઓનો સન્માન અને સ્નેહમિલન કાર્યક્રમ બપોરે ૨ કલાકે વિશ્વ કર્મા સેવા સમાજ સે-૧૨ ખાતે કરાશે.

● કડવા પાટીદાર સમાજ ઉમિયા માતાજી સંસ્થાન ગાંધીનગર દ્વારા વિના મૂલ્યે મેડિકલ કેમ્પ સવારે ૯.૩૦ થી ૧૨ કલાક દરમિયાન યોજાશે અને બપોરે ૧૨ થી ૧ કલાક દરમિયાન હેલ્થ ટોકીંગનો કાર્યક્રમ યોજાશે.

## વાતવાતમાં

● શહેરમાં મુખ્ય માર્ગો પરના સેન્ટ્રલ વર્જમાં વધી ગયેલ વનરાજીના ટ્રીમીંગનું કાર્ય હાથ ધરાયું હતું. જો કે ચ માર્ગ પર ટ્રીમીંગ દરમિયાન કાપવામાં આવેલ ઝાડીઓના કચરાને કેટલીક જગ્યાએથી દૂર ના કરતા ગંદકી થવા સાથે સેન્ટ્રલ વર્જની સુંદરતા ખોવાઈ જવા પામી છે.

## સોમવારે જાગૃત નાગરિક પરિષદની બેઠક યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જાગૃત નાગરિક પરિષદની કાર્યવાહક સમિતિની બેઠક સોમવાર તા. ૬-૧૧-૨૦૧૭ના રોજ સાંજના પાંચ કલાકે નમન એપાર્ટમેન્ટ, સે-૨૧ ખાતે મળશે. સભ્યશ્રીઓને ઉપસ્થિત રહેવા પરિષદના મહામંત્રી નિરંજનભાઈ ઓઝા તરફથી અનુરોધ કરવામાં આવ્યો છે.

## પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ ડિસેમ્બરમાં યોજાશે

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર પ્રજાપતિ સમાજનો સ્નેહમિલન સમારોહ આગામી ડિસેમ્બર માસમાં યોજાવાનો છે. જેથી આપના પાલ્યની ગત વર્ષની માર્કશીટ સત્વરે આપના સેકટર પ્રતિનિધિ અથવા પ્રમુખ (૯૭૨૪૩૭૦૮૮૫) અથવા મંત્રી (૯૮૨૫૦૨૧૮૫૩)ને તા. ૩૦-૧૧-૨૦૧૭ સુધીમાં પહોંચાડવા વિનંતી છે. ત્યારબાદ કોઈની માર્કશીટ માન્ય ગણાશે નહી તેમ સમાજના મંત્રી રાજેન્દ્રભાઈ એ. પ્રજાપતિએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચક્ષુદાન

ગાંધીનગર શહેરના સેકટર-૨સી પ્લોટ નં. ૭૮૯/૧ ખાતે વસવાટ કરતા ધીરજલાલ ભગવાનદાસ દેસાઈ ઉ.વ. આશરે ૬૬નું ૨-૧૧-૧૭ના રોજ દુઃખદ અવસાન થયેલ છે. સદગતના પરિવારજન વિક્રમભાઈ દેસાઈની સંમતિથી સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવેલ છે. આ કાર્યમાં તબીબી સેવા ડૉ. પ્રશાંથી અને ડૉ. મેઘાએ પુરી પાડી હતી. સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક (સવિલ હોસ્પિટલ) ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય રણજીતભાઈ અને અરુણ મકવાણાએ કર્યુ હતું.

## ચિરવિદાય

- સ્વ. અરવિંદલાલ રતનલાલ શાહ, ઉ.વ. ૭૭
- સ્વ. ચંદુલાલ દયાશંકર નાયક, ઉ.વ. ૮૪
- ઉષાબા લક્ષ્મણસિંહ ટાંક, ઉ.વ. ૬૨
- સ્વ. ભાવેશકુમાર નટવરભાઈ પટેલ, ઉ.વ. ૨૮